# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ,મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત.

*********

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક કેડરની અંગ્રેજી માધ્યમની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર પી.આર.ઓ.નં.૧૮/૨૦૨૩–૨૪ તા.૧૧/૦૪/૨૦૨૩ થી જાહેરાત પ્રસિધ્ધ કરી સદર જગ્યા માટેની નિયત લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસે તા.૧૩/૦૪/૨૦૨૩ થી તા.૨૭/૦૪/૨૦૨૩ દરમ્યાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવેલ. ઓનલાઈન મળેલ અરજીઓનું ડોકયુમેન્ટ વેરીફીકેશન તા.૨૬/૦૫/૨૦૨૩ ના રોજ સુમન માધ્યમિક શાળા નં.૧૮,નારાયણ નગર, મિરામ્બિકા સોસાયટીની સામે, કાલાપુલ,પુનાગામ, સુરત ખાતે કરવામાં આવેલ હતું. જે ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં હાજર રહી વેરીફીકેશન કરાવેલ ઉમેદવારોની અંગ્રેજી માધ્યમના જે તે વિષય માટેની અરજીના અનુસંધાને શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની પ્રાથમિક ખરાઈ કરવામાં આવ્યા બાદ **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૧ (PML-1)(Annexure-1)**, અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી**(Annexure-2)**, ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેતા અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી **(Annexure-3)** આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**ઉમેદવારે નીચે જણાવ્યા મુજબની તેમજ મુળ જાહેરાતની વિગતવાર સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

- શિક્ષણ સહાયક કેડરની ભરતી અંગેની જાહેરાતમાં દર્શાવ્યા મુજબના શિક્ષણ વિભાગના જાહેરનામાઓની જોગવાઈ અનુસાર નીચે કોષ્ટકમાં જણાવેલ ગણતરી મુજબ શૈક્ષણિક લાયકાતોના ગુણના કુલ **૩૦ ટકા ભારાંક** અને માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી(TAT-SECONDARY)માં મેળવેલ ગુણના **૭૦ ટકા ભારાંક** મુજબ તેમજ ડોકયુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન ઉમેદવારોની અંગ્રેજી માધ્યમના જે તે વિષય માટેની અરજીના અનુસંધાને ઉમેદવારો ધ્વારા ડોકયુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની પ્રાથમિક ખરાઈ કરી જાહેરાતમાં દર્શાવ્યા મુજબની નિયત કેટેગરી ધરાવતા ઉમેદવારોનો **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૧ (PML-1)** માં સમાવેશ કરી **Annexure-1** તરીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક (શારીરિક શિક્ષણ સિવાયના) વિષયો માટે લાયકાત તથા મહત્તમ ૩૦ ગુણની ગણતરી નીચે મુજબ છે.

| ક્રમાંક | લાયકાત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષયમાં સ્નાતક પદવી | ૧૦ |
| ૨ | સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી | ૧૦ |
| ૩ | વ્યાવસાયિક વિષયમાં સ્નાતક પદવી એટલે કે બી.એડ/સમકક્ષ વિગેરે. | ૦૫ |
| ૪ | વ્યાવસાયિક વિષયમાં અનુસ્નાતક પદવી એટલે કે એમ.એડ/સમકક્ષ વિગેરે. | ૦૫ |
| | કુલ | ૩૦ |

- જે ઉમેદવારે જે તે વિષય માટે અરજી કરેલ છે તે માટેની નિયત શૈક્ષણિક લાયકાત પુરવાર કરી શકેલ નથી/ધરાવતા નથી કે તે મુજબના ડોકયુમેન્ટ રજૂ કરી શકેલ નથી તેમજ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની નિયત કેટેગરીના નથી તેવા અમાન્ય ઠરેલ અરજીના ઉમેદવારોની યાદી અમાન્ય ઠરવાના કારણો સહિત **Annexure-2** તરીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેતા અમાન્ય થયેલ ઉમેદવારોની યાદી **Annexure-3** તરીકે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- જે ઉમેદવારે જે તે વિષય માટે જાહેરાતમાં જણાવ્યા મુજબની કેટેગરી સિવાયની કેટેગરી દર્શાવી અરજી કરેલ તેવા ઉમેદવારોને જનરલ કેટેગરીની ખાલી જગ્યા છે તેવા વિષયો માટે શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારોને જનરલ કેટેગરી તરીકે ગણતરીમાં લઈ,જનરલ કેટેગરી તરીકેના વયમર્યાદાના ક્રાઈટેરીયામાં આવતા ઉમેદવારોનો જનરલ કેટેગરીમાં સમાવેશ કરવામાં આવેલ છે.
- ઉમેદવારે પોતાની અરજીમાં દર્શાવ્યા મુજબની પોતાની શૈક્ષણિક લાયકાતોના ગુણના ઉપર જણાવ્યા મુજબના કુલ ૩૦ ટકા ભારાંક અને માધ્યમિક શિક્ષક અભિરૂચિ કસોટી (TAT) માં મેળવેલ ગુણના ૭૦ ટકા ભારાંક મુજબ પોતાના મેરીટની ગણતરી કર્યા બાદ, **PML-1** માં પોતાના મેરીટની ઉપરાંત પોતાના નામની તેમજ કેટેગરીની વિગતોની ચકાસણી કરી લેવાની રહેશે અને જો તેમાં કોઈ ક્ષતિ જણાય તો તે અંગે આ સાથે સામેલ કવેરી ફોર્મમાં વિગતો દર્શાવી પોતાની વાંધા અરજી જરૂરી આધાર–પુરાવાઓની નકલ સહિત **તા.૨૩/૦૮/૨૦૨૩** સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦

**કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં રીક્રુટમેન્ટ વિભાગમાં રૂબરૂ રજૂ કરવાની રહેશે. વાંધા અરજીમાં ઉમેદવારે પોતાનું નામ, અરજી નંબર, વિષય તેમજ PML-1 લીસ્ટનો પોતાનો અનુક્રમ નંબર અચૂક દર્શાવવાનો રહેશે.**
(તા.૨૩/૦૮/૨૦૨૩ બાદ તેમજ ઈ–મેઈલ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી)

**(ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેલા ઉમેદવારોની અરજી અમાન્ય ઠરેલ હોય, તેઓ વાંધા રજૂ કરી શકશે નહી.)**

- PML-1 અન્વયે ઉમેદવારો તરફથી રજૂ થયેલ વાંધા/સુચનોની પુરતી ખરાઈ કરી મેરીટમાં તે મુજબનો સુધારો કરી ત્યારબાદ પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2) તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે. સબબ, PML-1 ફેરફારને આધિન રહેશે.
- PML-1 અન્વયે જે ઉમેદવારોએ વાંધા/સુચનો રજૂ થયેલ હોય, તેવા ઉમેદવારોએ PML-2 અન્વયે પોતાના મેરીટની ફેર ચકાસણી કરવાની રહેશે અને તેમાં કોઈ ક્ષતિ જણાય તો ફેર વાંધા/સુચનો દિન–૦૭માં મંગાવી તે વાંધા/સુચનોને ધ્યાને લઈ ઉમેદવારો તરફથી રજુ થયેલ પુરાવાની પુરતી ખરાઈ કરી મેરીટમાં સુધારો કરી,ત્યારબાદ મેરીટક્રમ મુજબ ફાઈનલ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

  (જે ઉમેદવારોએ PML-1 અન્વયે વાંધા રજૂ કરેલ નથી તેવા ઉમેદવારોના વાંધા PML-2 ના સ્ટેજે ધ્યાને લેવામાં આવશે નહી.)
- જે આખરી મેરીટયાદી તૈયાર થાય તે અન્વયે અંગ્રેજી માધ્યમના જે તે વિષયની યાદીના મેરીટક્રમ મુજબ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી જે તે વિષય માટેની શિક્ષણ સહાયકની રોસ્ટર મુજબની ખાલી સંખ્યાને અનુરૂપ કેટેગરીવાઈઝ પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે.
- PML-1, PML-2 લીસ્ટમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી ઉમેદવાર સદર જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી તેમજ PML-1 કે PML-2 ના તબકકે રજૂ કરવામાં આવેલ વાંધા/સુચનો સિવાય ઉમેદવારના કોઈપણ પ્રકારના વાંધા ગ્રાહય રાખવામાં આવશે નહી.
- સદરહુ શિક્ષણ સહાયક કેડરની ભરતી પ્રક્રિયામાં સંબંધિત જાહેરાતમાં દર્શાવ્યા મુજબના સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ સંબંધિત વિભાગોના ઠરાવો/જાહેરનામાની જોગવાઈ ધ્યાને લેવામાં આવશે.

*********

**Recruitment of Assistant Teacher for SUMAN School**

PRO No.18, Dt.11/04/2023

## Query form

**PML-1_Sr.No. ________**

**Medium : ___________________** **Subject : _____________________________**

**Appli_Name : ________________________________________** **Appli_No.: 0018/110423/______/__________.**

| /Sr. No. | Degree | University/Insti. State | Subject | Passing Month /Year | Marks Obtained / Total | % | Merit % |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Bachelor Degree**<br>B.A. / B.sc. /Other- | | | ________ | ________ | | |
| 2 | **Bachelor of Education** | | | ________ | ________ | | |
| 3 | **Master Degree**<br>M.A. /M.sc. /Other- | | | ________ | ________ | | |
| 4 | **Master of Education** | | | ________ | ________ | | |
| 5 | **TAT Seat No.** | | | ________ | ________ | | |
| | | | | | | **TOTAL MERIT >>** | |

**વાંધા ટૂંકમાં જણાવવા :–**

**બિડાણ :–**

**અરજદારની સહી**